૧. આ કામે આરોપી વિરૂદ્ધ જી.પી.એક્ટ- ૯૦ (અ) નો ગુનો નોંધાયેલ છે. જે અંગે પોલીસે તપાસ કરી જી.પી. એક્ટ- ૯૦(અ) મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. તહોમતદારોએ આજરોજ પોતાની સામેનો સદર ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ આપી છે. તેમજ જણાવેલ છે કે, તેનો આ પ્રથમ ગુનો છે અને ગરીબ વર્ગમાંથી આવે છે તેમજ કુટુંબ કબીલાવાળા છે ને હવે પછી આવા પ્રકારનો ગુનો કરશે નહીં જેથી આરોપી ઉપર દયા રાખવા જણાવેલ છે.

૩. તહોમતદારે સદરહુ ગુનો સ્વૈચ્છીક રીતે કબુલ રાખેલ છે અને તે અંગે ગુનો કબુલાતની પુરસીસ પણ આપેલ છે, તે જોતાં અને તહોમતદારની રજુઆત ધ્યાને લેતા તેઓનો આ પ્રથમ ગુનો છે અને આરોપી જે પ્રકારે ગુનો કરેલ છે તે ધ્યાને લેતા તેમજ તહોમતદારની પરીસ્થિતિ ધ્યાને લેતા તેને નીચે મુજબની શિક્ષા કરવામાં આવશે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરૂ છું.

-૦: હુકમ ૦:-

(૧) આરોપીને જી.પી. એક્ટ કલમ- ૯૦(અ) મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડ.કલમ- ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી રૂા. 300/-........(અંકે રૂપીયા ત્રણસો પુરા) પુરાનો દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ના ભરે તો વધુ દિન- 02 ...........ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ ૦૬ માહે ~~નવેમ્બર~~ ડિસેમ્બર સને ૨૦૧૮ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ
તા. ૦૬/૧૨/૨૦૧૮

(અર્પિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૧૯.અમદાવાદ.
કોડ નં.જીજે. ૦૦૮૪૯
(સ્વાક્ષર પરાંગા)

એમ.ટી.દેસાઈ.

Fine Paid
R: 300/-
Rs: 106